**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# આ શિયાળામાં માર્ગોની સાફસફાઈ કરવા સિટી ઓફ બ્રૅમ્પટન તૈયાર છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 નવેમ્બર 2021) – શિયાળાની આબોહવા હવે વર્તાઇ રહી છે અને બ્રૅમ્પટનની ટુકડીઓ તૈયાર છે! શહેરી માર્ગો, ફુટપાથ, ટ્રાન્ઝિટ સ્ટૉપ્સ, શાળાના ચાર રસ્તાઓ અને રિક્રિએશનલ ટ્રેઇલ્સ (મનોરંજન માટેની પગથીઓ)માં સાફસફાઈની તૈયારીરૂપે અમારી ટીમ દિવસરાત કાર્યરત છે જેથી રહેવાસીઓ જ્યાં પણ જતા હોય ત્યાં સુરક્ષિત રીતે પહોંચી શકે.

સિટી નિવાસીઓને યાદ કરાવવા માંગે છે કે વિન્ટર-રેડી રહેવું તે ટીમ એફર્ટ હોય છે અને તેમાં દરેકજણની મદદ આવકાર્ય છે જેથી સિઝન બધાં માટે સુરક્ષિત બની રહે:

- કટોકટીના સમયે, ઓછામાં ઓછા 72 કલાક સુધી પોતાની અને પોતાના પરિવારની દરકાર લેવાની તૈયારી રાખશો. **તમારા ઘર અને વાહન માટે** 72-કલાક સલામતી ની કીટ તૈયાર કરો.
- સ્નોફોલ થયો હોય તે પછી ફુટપાથો પરથી બરફ, સ્નો અને સ્લશની સફાઇ કરી દેવી;
- માર્ગો પર પાર્કિંગ કરી શકાશે નહીં અને વિન્ટર વેધરની ઘટનાઓમાં તે અમલી બનાવવામાં આવશે. મહેરબાની કરીને વાહનો ખસેડી લેશો જેથી પ્લોઝ, સોલ્ટર્સ (નમક છાંટતા વાહન) અને ઈમર્જન્સી વાહનો સુરક્ષિત રીતે પસાર થઈ શકે;
- **જો સ્નોફોલ સમાપ્ત થયા પછી 24 કલાક કરતા વધુ થયા હોય અને તમારી શેરીમાં હજું પણ ધ્યાન આપવાની જરૂર હોય તો 311ને કૉલ કરીને, 311 મોબાઇલ એપ પર સર્વિસ વિનંતી રજૂ કરીને,** 311@brampton.ca **પર ઈમેલ કરીને,** અથવા www.311brampton.ca**ની મુલાકાત લઈને સિટીને જાણ કરશો.**
- લાયકાત ધરાવતા વરિષ્ઠો અને વિકલાંગતા ધરાવતા ઘર માલિકો માટે સ્નો દૂર કરવા માટે નાણાકીય સહાય ઉપલબ્ધ છે. વધુ જાણકારી મેળવો: ow.ly/D2R050xgPq2.

**સિટીનું પ્લો ટ્રેકર**

2019માં બ્રૅમ્પટનની શિયાળુ કામગીરીઓમાં કાઉન્સિલે સ્થાનિક માર્ગો પર પહેલા 7.5 cm જેટલો બરફનો સંચય થતા કાર્યકારી ટૂકડીઓ કામે લાગતી એના બદલે હવે 5.0 cmનાં સંચય પછી જ કાર્યરત કરી સેવા સ્તરોનાં વધારાને મંજૂરી આપી છે એટલેકે શિયાળાની ઋતુની કોઇપણ ઘટનામાં ટૂકડીઓ (ક્રુ) વધુ ઝડપથી મોકલવામાં આવશે.

www.brampton.ca/snow પર કે 311 મોબાઇલ ઍપ પર રહેલ પ્લો ટ્રૅકરનો ઉપયોગ કરીને રહેવાસીઓ હવે જોઇ શકશે કે સિટીના કયા માર્ગો અને ફુટપાથો ટુકડીઓ દ્વારા સાફ કરવામાં આવી ચુક્યા છે! Google Play અથવા App Store પરથી એપ

ડાઉનલોડ કરી શકાશે. આ ટૂલનો ઉપયોગ કરીને, રહેવાસીઓ સ્નો મેન્ટેનન્સની પ્રગતિ, માર્ગો અંગેની પ્રાથમિકતાઓ અને જો તેમની નજીક પ્લો (plow) હોય તો તે ચકાસી શકે છે જેથી તેઓ તેમના વાહનોને રસ્તાથી દૂર ખસેડી શકે. સેવાની વિનંતીઓ પણ સબમિટ કરી શકાશે.

શહેરની શિયાળુ કામગીરી વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/snow.

**સુવાક્યો**

અમારા રહેવાસીઓની સુરક્ષા તો અમારી પહેલી પ્રાથમિકતા છે – તેથી જ શિયાળાની ઋતુ બેસે ત્યારે અમારી તૈયારી પાકી હોય તે સુનિશ્ચિત કરવા માટે અમારી કાર્યકારી ટુકડીઓ રાતદિવસ કામ કરી રહી છે. આ ઋતુ સુરક્ષિત અને માણવાલાયક બની રહે તે માટે આપણે સહુએ પોતપોતાની ભૂમિકા ભજવવાની છે. મહેરબાની કરીને ફૂટપાથ પરનો બરફ, સ્નો અને સ્લશ સમયસર હટાવતા રહેશો, શિયાળાની મોસમના ઈવેન્ટ્સ દરમિયાન પોતાના વાહનો માર્ગોથી દૂર રાખશો અને તમને સપોર્ટ જોઈએ અથવા અમારો સંપર્ક કરવો હોય તે માટે અમારી 311 મોબાઈલ એપ ડાઉનલોડ કરશો.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

“શિયાળાની પરિસ્થિતિઓનો સમનો કરવો તે સિટી ખાતેના અમારા સૌથી મોટા ઓઅરેશનો પૈકી એક છે. આ ઋતુ અમારા રહેવાસીઓ માટે સુરક્ષિત અને સુખદ રહે તે માટે અમે પ્રતિબદ્ધ છીએ અને તેથી અમે 4,053 લેન કિલોમીટર લાંબા માર્ગો, 1,007 કિલોમીટર ફૂટપાથ/વોકવેઝ અને 211 રિક્રિએશનલ ટ્રેઈલ્સની જાળવણી વાર્ષિક ધોરણે કરી રહ્યા છીએ. જ્યારે દરેક જણ, આપણો સમાજ શિયાળા માટે તૈયાર રહે તે આશયથી પોતપોતાનો ભાગ ભજવે છે ત્યારે આપણે સહુ ત્યાં જરૂર પહોંચી શકીશું જ્યાં આપણે પહોંચવું છે અને તે પણ સુરક્ષિત રીતે."

*પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

“બ્રૅમ્પટનમાં શિયાળાની મોસમ ઉતરી ચૂકી છે અને શહેર તૈયાર છે. અમે રહેવાસીઓને અમારી 311 મોબાઈલ એપ ડાઉનલોડ કરવા, અમારા #BramSnowUpdate માટે સીટી ઓફ બ્રૅમ્પટનના તમામ સોશ્યલ મિડિયાના એકાઉન્ટ્સ ફોલો કરવા અને સમાજ શિયાળા માટે તૈયાર રહે તે માટે પોતાની ભૂમિકા ભજવવા પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. આપણે સહુ મળીને આપણા શહેરને સુરક્ષિત અને સુલભ જરૂર બનાવી શકીશું."

*-પૅટ ફૉર્ટિની, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 7અને 8 અને પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ, સિટી ઓફ બ્રૅમ્પટનના ઉપપ્રમુખ*

"એક સુશાસિત શહેર તરીકે અમે રોજિંદા ધોરણે સતત સુધારા સ્વીકારતા ઓપરેશનો અને અમારા રહેવાસીઓ માટે સેવા સુલભ કરવાના કાર્યો કરવા અમે સમર્પિત છીએ. રહેવાસીઓ આ ઋતુમાં સ્થાનિક સ્નો ઓપરેશનની સ્થિતિ વિશે માહિતગાર રહેવા માટે પ્લો ટ્રેકર સહિત 311 મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકે છે, જેથી તેઓ સુરક્ષિત રીતે સ્નોની ઘટનાઓ દરમિયાન પ્રવાસના આયોજન કરી શકે.

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca